## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બેટા, આવી ગયો ઝંડા વેંચીને... કોઈ ન મળ્યો દેશદાઝવાળો કે જે તને આ કામ કરવામાંથી છોડાવે...!!

# ...મકાન-દુકાનના કાર્પેટ એરિયા મુજબ સફાઈવેરો લો

### મનપાના આગામી બજેટ અંગે શહેર વસાહત મહામંડળના સૂચનો : સ્માર્ટ સિટી અને સ્વચ્છતા અભિયાનની ગ્રાન્ટને પગલે સફાઈવેરામાં રાહત આપવા માંગ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના શહેર વસાહત મહામંડળ દ્વારા મહાનગર પાલિકાના આગામી નાણાંકીય વર્ષ માટેના બજેટ અંગે સૂચનો કરવામાં આવ્યાં છે. આ સૂચનોમાં હાલના સફાઈવેરામાં ઉભી થતી વિસંવાદિતતા દૂર કરવા તથા સફાઈવેરામાં રાહત આપવા અંગેની માંગણીનો સમાવેશ થાય છે.

મહાનગરપાલિકા દ્વારા હાલમાં વસુલાતો સફાઈવેરો નાના મકાન કે નાની દુકાન અને મોટા મકાન કે મોટી દુકાન ધારકો તમામને એક જ લાકડીએ હાંકતો હોય તે પ્રકારે એક સરખો લેવામાં આવે છે. જેમાં મધ્યમ અને નિમ્ન મધ્યમ વર્ગને બોજ સહન કરવો પડી રહ્યો છે. આ સફાઈવેરાને મકાન કે દુકાનના કાર્પેટ એરિયા મુજબ કરવા શહેર વસાહત મહામંડળ દ્વારા સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરની હોટલ-રેસ્ટોરન્ટઝ માટે સફાઈવેરા માટે અલગથી વિચારવા સાથે મેડીકલ વેસ્ટના નિકાલની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા પણ માંગ કરવામાં આવી છે. આ સાથે મહામંડળ દ્વારા મનપાને સ્માર્ટસીટી પ્રોજેક્ટ અને મહાત્મા ગાંધી સફાઈ અભિયાન અંતર્ગત મળતી વધારાની ગ્રાન્ટ તથા સરકારી સહાયને પગલે સફાઈવેરાના દરમાં રાહત આપવા પણ માંગ કરવામાં આવી છે. આ સાથે પ્રદર્શન મેદાન, સરકારી ઈમારતો, વ્યાપારી ધોરણે ચાલતી સંસ્થાઓ જેમના દ્વારા સફાઈવેરો ભરવામાં નથી આવતો તેની સામે કાયદાકીય પગલાં લેવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. મનપાએ આ બજેટમાં વ્યર્થ ખર્ચાઓ પર નિયંત્રણ મુકી નગરજનોને કરવેરામાં રાહત આપવા વસાહત મહામંડળ દ્વારા વિનંતી કરવામાં આવી છે.



પોલિયોમુક્ત ભારત પોલિયોમુક્ત ગુજરાતના ધ્યેયને સાકર કરવા ૧૦૦ ટકા પોલિયો મુક્તિ માટે આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ગાંધીનગરમાં મંત્રીમંડળ નિવાસ સંકુલના કોમ્યુનિટી સેન્ટર ખાતેથી ભુલકાંઓને પોલિયો રસીના બે ટીપાં પીવડાવ્યા હતા. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોર કાનાણી (કુમાર) તથા આરોગ્ય કમિશનર શ્રીમતી જયંતિ રવિ ઉપસ્થિત રહ્યા હતા. પાંચ વર્ષની વય સુધીના ૮૪ લાખ બાળકોને આ રસીકરણ અભિયાનમાં આવરી લેવાશે. ગુજરાતમાં ૩૮ હજાર ઉપરાંત બુથ આ માટે ઉભા કરવામાં આવ્યા છે. ૭૪,૬૪૮ રસીકરણ ટીમ અને ૧,૫૮,૮૬૧ કર્મયોગીઓ આ સેવા અભિયાનમાં જોડાયેલ છે.

# આવતીકાલે સે. ૬ ખાતે ૨૦મી શ્રી ગાંધી કથાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેક્ટર-૬-બી ખાતે શ્રી ચંદ્રમૌલેશ્વર મહાદેવના મંદિરે આગામી તા. ૩૦મી જાન્યુઆરીએ ગાંધી નિર્વાણ દિન નિમિત્તે ૨૦મી 'શ્રી ગાંધી કથા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ શ્રી ગાંધી કથા મંગળવારે બપોરે ૩.૩૦ થી ૬ કલાક દરમ્યાન યોજાશે જેના વક્તા ગાંધીનગરના કનુભાઈ દવે છે. આ કથા દરમ્યાન પ્રતિભાબેન દવે, કંદર્પ ત્રિવેદી, યોગીન ઉપાધ્યાય અને જય શેલત ગીત-સંગીત પીરસશે.

આજથી આશરે પાંચેક હજાર વર્ષ પૂર્વે એક મોહન યમુના નદીના કિનારે જન્મ્યો અને કાડિયાવાડ જઈને પોઢિયો હતો. સદીઓ પછી બીજો એક મોહન જે કાઠિયાવાડમાં જન્મ્યો અને યમુના કિનારે જઈને પોઢ્યો હતો. એકે માખણ ચોર્યુ હતુ તો બીજાએ મીઠુ. એકે પિતાંબર પહેર્યું તો બીજાએ શ્વેતાંબર. એકે સુદર્શન ચક્ર ચલાવ્યુ તો બીજાએ રેંટિયાનું ચક્ર ચલાવ્યું હતું. એકનું તીરથી મોત થયું તો બીજાનું ગોળીથી. ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી અહિંસા અને સત્યાગ્રહના જોરે સ્વાતંત્ર્યતા અપાવનાર મહાત્મા ગાંધીના જીવનની કથની એટલે શ્રી ગાંધી કથા. ગાંધીનગમરાં આયોજિત ૨૦મી શ્રી ગાંધી કથાનું રસપાન કરવા આયોજકો ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, પેન્શર સમાજ સેક્ટર-૬ અને માનવ સેવા મંડળ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



**ટીંટોડા પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિન ઉજવાયો**

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામની પ્રાથમિક શાળામાં ૬૯માં પ્રજાસત્તાક દિનની ઉજવણી ધ્વજવંદન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શાળાના બાળકોએ વિવિધ નાટકો અને નૃત્ય સહિત મનોરંજક તેમજ સંદેશાત્મક કૃતિઓ રજૂ કરી હતી. જેને મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી હતી. કાર્યક્રમના સમાપને ગામના સરપંચ ઉપરાંત જ્ઞાન સરિતા ભક્ત મંડળ દ્વારા ગામની કરશનપુરા, નાનપુરા, અમરપુરા તથા ટીંટોડાની પ્રાથમિક શાળાઓમાં બુંદી પ્રસાદનું વિતરણ કરી રાષ્ટ્રીય પર્વે બાળકોનું મ્હોં મીઠું કરાવ્યું હતું.

# ગાંધીનગર જિલ્લામાં ૨૦૫ ખાતર વિતરકોના રાહતદરે ખાતર વિતરણ માટે રજીસ્ટ્રેશન સંપન્ન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં રાહતદરે ખેડૂતોને ખાતર વિતરણ કરવા માટે આજ સુધીમાં ૨૦૫ વિક્રેતાઓનું રજીસ્ટ્રેશન થઈ ગયુ છે અને ૪૫ જેટલા વિક્રેતાઓનુ રજીસ્ટ્રેશનની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા માટે તંત્રને સૂચના આપવામાં આવી છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર તાલુકામાં ૮૬ પૈકી ૭૦, દહેગામમાં ૬૫ પૈકી ૬૨, માણસામાં ૫૮ પૈકી ૩૮ અને કલોલમાં ૪૦ પૈકી ૩૫ વિક્રેતાઓના રજીસ્ટ્રેશનની કામગીરી પુરી કરી દેવામાં આવી છે.

ભારત સરકારશ્રીની સુચના અનુસાર રાજ્યમાં તા. ૧-૨-૧૮ થી તમામ સબસીડાઈઝ રાસાયણિક ખાતરનું વેચાણ ડીબીટી યોજના અંતર્ગત પોસ (પોઈન્ટ ઓફ સેલ) મશીન દ્વારા જ કરવાનુ નક્કી કરેલ છે. જિલ્લામાં સબસીડાઈઝ રાસાયણિક ખાતરનો પરવાનો ધરાવી વેચાણ કરતા કુલ ૨૫૦ વિક્રેતાઓને પોસ મશીન આપવામાં આવેલ છે. તા. ૨૪-૧-૧૮નાં રાત્રિ સુધીમાં વિક્રેતાઓએ તમામ ફીઝીકલ સ્ટોકનું ઈનવોઈસ અથવા એક્રોલેજમેન્ટ જે તે કંપની/ ડીસ્ટ્રીબ્યુટર/સંસ્થા પાસેથી મેળવી લેવાનું રહેશે. તા. ૨૫-૧-૧૮ થી વિક્રેતાઓ પાસે રહેલ ખરેખર ફીઝીકલ સ્ટોકની એન્ટ્રી પોસ મશીનમાં કરવાની થાય છે. પોસ મશીનમાં ફીઝીકલ સ્ટોકની એન્ટ્રી કર્યા બાદ વિક્રેતાઓએ સબસીડાઈઝ રાસાયણિક ખાતરનું વેચાણ પોસ મશીન વગર કરી શકશે નહી. ખેડૂતોએ વિક્રેતાઓ પાસે સબસીડાઈઝ રાસાયણિક ખાતર ખરીદી વખતે ફરજીયાત આધારકાર્ડ સાથે રાખવાનું રહેશે.

આ માટે ગાંધીનગર જિલ્લામાં નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ની કચેરી દ્વારા સબસીડાઈઝ રાસાયણિક ખાતરના વિક્રેતાઓને તા. ૨૯-૧-૧૮ના રોજ પોસ મશીનમાં કંપની વાઈઝ/પ્રોડક્ટ વાઈઝ/કંપનીના પ્લાન્ટ વાઈઝ સબસીડાઈઝ રાસાયણિક ખાતરના ફીઝીકલ સ્ટોકની એન્ટ્રી કરાવવા માટે જે તે તાલુકાના વિક્રેતાઓને તેના તાલુકાનું સ્થળ નક્કી કરેલ છે તે સ્થળે ફરજીયાત હાજર રહીને ફીઝીકલ સ્ટોક નાંખવાની કામગીરી કરવા માટે સુચના આપવામાં આવે છે.

# જાયન્ટ ગૃપ કલોલ મેઈન દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

જાયન્ટ ગૃપ ઓફ કલોલ મેઈન દ્વારા કલોલ તાલુકાના બોરીસણા ગામ ખાતે આવેલ ગોપાલનગરની સરકારી પ્રાથમિક શાળા ખાતે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દેશભક્તિ ગીતો અને સાંસ્કૃતિક કાર્યક્રમ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. સાથે જાયન્ટ ગ્રૃપ દ્વારા દિકરીઓને જન્મ આપનાર માતાઓનું સન્માન પત્ર અને સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ગોપાલનગર સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વાગતગીત અને સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા. આ કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને પેન્સીલ, રબર, ફૂટપટ્ટી, સંચો સેટ બનાવી આપવામાં આવ્યા હતા. સાથે જાયન્ટ ગૃપ ઓફ કલોલ દ્વારા દિકરીને જન્મ આપનાર માતાઓને સન્માનપત્ર અને સ્મૃતિચિન્હ આપી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ફેડરેશનના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, એરિયા ચીફ હરિભાઈ બારોટ, ગૃપ પ્રમુખ રમેશભાઈ પટેલ, ગૃપ સેક્રેટરી અશ્વિનભાઈ પટેલ, અમરતભાઈ પટેલ, દિલીપભાઈ બારોટ, અમૃતભાઈ નાયી, દિનેશભાઈ પટેલ તથા જાયન્ટ ગૃપ ઓફ કલોલ મેઈનના સભ્યો હાજર રહ્યા હતા.

# પેથાપુર સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રજાસત્તાક દિવસની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા. ૨૮

પેથાપુર સ્વામિનારાયણ મંદિર ખાતે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં ભગવાનને ત્રિરંગા ધ્વજ જેવા વસ્ત્રોથી ભગવાનને શણગાર કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે કાલુપુર શ્રી પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ કૌશલેન્દ્ર પ્રસાદ મહારાજે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નહેરુ, લાલબહાદુર શાસ્ત્રી, ભગતસિંહ, સુભાષચંદ્ર બોઝ તથા ભારત દેશને આઝાદી આપવામાં જેમને કુરબાની આપી છે તેવા ભાગ્યશાળી દેશ ભક્તોને શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. સાથે મંદિરના મહંતશ્રી ગુરૂસ્વામીએ તમામ નાગરીક એકરૂપ બની રહે અને ભારતના લડવૈયાઓને સુખ સમૃદ્ધિ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ભક્તિ બની રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ ઉજવણીમાં સ્વામિનારાયણ મંદિર ખાતે રાધાકૃષ્ણ દેવને ત્રિરંગા ધ્વજ સમાન વસ્ત્ર અલંકારથી શણગારવામાં આવ્યું હતું. સાથે ધૂન, ભજન, કિર્તન અને કથા વાર્તા અને વિવિધ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ કૌશલેન્દ્રપ્રસાદ મહારાજ અને મહાનુભાવો, બાળકો, વૃદ્ધો, ભાઈઓ બહેનોએ સલામી સાથે ભજન અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

## ચિલોડા પ્રાથમિક શાળા દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળા દ્વારા ચાર દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ઐતિહાસિક અને ધાર્મિક જોવા લાયક સ્થળનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં નવા રણુંજા, જામનગર, દ્વારકા, બેટ દ્વારકા, હરસિધ્ધ, પોરબંદર, સોમનાથ, જુનાગઢ, વિરપુર, ચોટીલા નો સમાવેશ થાય છે. આ પ્રવાસમાં શાળાના ૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લઈ આનંદ માણ્યો હતો.

# આજે શ્રી વિશ્વકર્મા જયંતિ દાદાનો અને રાંદલ માતાજીનો પ્રથમ પાટોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૮

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી વિશ્વકર્મા દાદાનો તેમજ રાંદલ માતાજીનો પાટોત્સવ સે-૧૨ ખાતે તા.૨૯ જાન્યુઆરીને સોમવારના રોજ ધામધુમથી ઉજવાશે. આ બે દિવસીય વિશ્વકર્મા મંદિર ખાતે વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે શહેરના સૌ ધર્મપ્રેમી નાગરીકોને દર્શનનો લ્હાવો લેવા વિશ્વકર્મા સેવા સમાજના પ્રમુખે અનુરોધ કર્યો છે.

શ્રી વિશ્વકર્મા જયંતિ દાદાનો ચૌદમો તથા રાંદલ માતાજીનો પ્રથમ પાટોત્સવ નિમિતે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયું છે. જેમાં રાંદલ માતાના તેડા તા. ૨૮ જાન્યુઆરીને સોમવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે, અને રાત્રે ૮ કલાકે ગરબાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જયારે તા.૨૯ ને મંગળવારના રોજ સવારે ૮ કલાકે યજ્ઞ પ્રારંભ, શ્રીફળ હોમવાનો સમય સાંજે ૪ કલાકે, ધજા આરોહણ સાંજે ૪.૩૦ કલાકે, મહાપ્રસાદ સાંજના ૬ કલાકે યોજાશે.આ પ્રસંગે સૌ ધર્મપ્રેમી નાગરીકોને હાજર રહેવા વિશ્વકર્મા સેવા સમાજ ગાંધીનગર દ્વારા અનુરોધ કરાયો છે.



**મગોડી રતનપુર લાટ પ્રાથમિક શાળા દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો**

ગાંધીનગર તાલુકાની મગોડી સ્થિત રતનપુર લાટ પ્રાથમિક શાળા ખાતે ૬૯માં પ્રજાસતાક દિનની ઉજવણી કરાઈ હતી. ગામની સુશિક્ષિત દિકરી રોશની બેનના હસ્તે ત્રિરંગો ફરકાવ્યો હતો. આ કાર્યક્રમમાં એક વર્ષમાં જન્મેલી દિકરીઓની માતાઓને સન્માનપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે ગામના સિનિયર સીટીઝનો, મહિલાઓ, વડીલો, હાજર રહી બાળકોને પ્રોત્સાહીત કર્યા હતા.

# ગાયત્રી શકિતપીઠ પરિવાર દ્વારા છ ગામમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાયત્રી શકિતપીઠ ગાંધીનગર અને અંધત્વ નિવારણ સોસાયટીના સહયોગથી ગાંધીનગર જિલ્લાના ૬ ગામમાં જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન નિઃશૂલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૧૧૩ દર્દીઓને ચશ્માનું વિતરણ રાહત દરે કરવામાં આવ્યું હતું. જયારે ૫૨ જેટલા દર્દીઓએ મોતીયાનું ઓપરેશન કરાવ્યું હતું.

ગાયત્રી પરિવાર ટ્રસ્ટ અને અંધત્વ નિવારણ સોસાયટીના સહયોગથી જાન્યુઆરી ૨૦૧૮ દરમિયાન ગાંધીનગર જિલ્લાના અંતરીયાળ ગામો જેવા કે સોનારડા, ગલુદણ, વડોદરા, વાંકાનેરડા, પુંન્દ્રાસણ, અને જલુંદ એમ કુલ છ ગામોમાં નિશુલ્ક નેત્ર ચકાસણીના કેમ્પ રાખવામાં આવેલ હતો. તેમાં કુલ ૧૮૦૦ જેટલા દર્દીઓની આંખોની ચકાસણી નિશુલ્ક પણ કરવામાં આવી હતી. જયારે માત્ર રૂ.૨૦ ના રાહત દરે કુલ ૧૧૧૩ દર્દીઓને ચશ્માનું વિતરણ કર્યું હતું. તેમજ ૫૨ વ્યકિતઓના મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા હતા. ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીનગર માત્ર ગાયત્રી યજ્ઞ અને કર્મકાંડ જ નહી પરંતુ સમાજ સેવાનું કાર્ય પણ કરે છે.

## વિજ્ઞાન વિષયક સ્પર્ધામાં એમ. બી. પટેલ શાળાની વિદ્યાર્થિની ઝળકી

ગાંધીનગર, તા.૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી.પટેલ ગર્લ્સ પ્રાયમરી શાળાની વિદ્યાર્થીની બહેનોએ તા. ૨૨ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન ડો.વિક્રમ સારાભાઈ કો.સા.સેન્ટર ખાતે યોજાયેલ વિવિધ વિજ્ઞાન વિષયક સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં શાળામાં અભ્યાસ કરતી પ્રજાપતિ દિવ્યા ધો-૫, એ બાળ વૈજ્ઞાનિક ફેન્સી ડ્રેસ સ્પર્ધામાં મિસાઈલમેન સ્વ.અબ્દુલ કલામ સાહેબની ભુમિકા ભજવી હતી તેમાં તેને ચોથો રેન્ક પ્રાપ્ત કરી શહેર અને શાળાનું ગૌરવ વધાર્યું છે. આ સ્પર્ધામાં માર્ગદર્શક શિક્ષિકા તરીકે સ્મીતાબેન એસ.જોશી હતા તેમજ શાળાના આચાર્ય નિરૂબેન જે.પટેલે ભાગ લેવા બદલ તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.



**શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ તેમજ કપડાનું વિતરણ કરાયું**

પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ગજાનન સેવા સમિતિ દ્વારા અનાજ તેમજ કપડાની કીટનું વિતરણ ભિલોડા તાલુકાના સુનોખ અને ખારી સહિત ૯ ગામની ૧૩૬ વૃધ્ધોને ૩ કિ.ગ્રા. ચોખા તથા આર્યન અને મેટ્રોડીનેઝોલનું વિતરણ કર્યુ હતું. ત્યારબાદ બપોર પછી અંતરીયાળ ગામ નવધરા, ગલપુર, પુજારીટીંબા, તથા દોલપુરની પ્રાથમિક શાળાના તમામ બાળકોને નવા કપડા આપીને ભવાનપુરમાં નાસ્તો કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં અશોકભાઈ, મિલીન્દ્ર ગુપ્તે, ભીમજીભાઈ, તથા યોગેશ સહિતના હોદેદારો હાજર રહ્યા હતા. કપડાનું દાન ચિંતન ગેહાણી તરફથી પ્રાપ્ત થયા હતા.

# ૭૫ નગરપાલિકાની ચૂંટણી આજે જાહેરનામુ જારી થશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે રોમાંચક સ્પર્ધા થયા બાદ હવે સ્થાનિક ચૂંટણીમાં પણ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ ખેલાય તેવી શક્યતા છે. ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી માટે આવતીકાલે જાહેરનામુ જારી કરવામાં આવશે. આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં ઓછા અંતરથી જીત થયા બાદ ભાજપે પણ તમામ તાકાત લગાવી છે. કોંગ્રેસ પાર્ટીએ આ વખતે પરેશ ધાનાણીના નેતૃત્વમાં વધુ સફળતા મેળવવા કમરકસી છે. અગાઉ ગુજરાત રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ૨૩ જાન્યુઆરીના દિવસે રાજયની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓની તારીખ જાહેર કરવામાં આવી હતી, જે મુજબ તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ રાજયની ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી માટે મતદાન યોજાશે. ચૂંટણીની તારીખો જાહેર થતાં જ રાજયની ૭૫ નગરપાલિકાઓ અને સંબંધિત મતક્ષેત્રો માટે આજથી જ આચારસંહિતા લાગુ થઈ ગઈ હતી. સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની બદલી તેમજ રજા પર પ્રતિબંધ લાગી ગયો હતો. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં પણ નોટાનો ઉપયોગ થઈ શકશે. આ અંગે રાજયના ચૂંટણી આયોગ સચિવ મહેશ જોષીએ અગાઉ જ તમામ વિગતો પુરી પાડી દીધી છે. રાજયની ૭૫ નગરપાલિકાઓ સાથે પ્રસંગોપાત ખાલી પડેલી જે તે બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. ચૂંટણી ઉમેદવારે પોતાના ઉમેદવારી પત્ર સાથે પોતાના ગુનાહિત ઈતિહાસ, શૈક્ષણિક લાયકાત, મિલકત અને દેવા સહિતની વિગતો સાથેનું સોગંદગનામું ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાનું રહેશે. રાજય ચૂંટણી આયોગ દ્વારા મતદાનનો સમય સવારે આઠથી સાંજ પાંચ વાગ્યા સુધીનો નક્કી કરવામાં આવ્યો છે. ચૂંટણી અંગેની નોટિસ, જાહેરનામું ૨૯મી જાન્યુઆરીએ પ્રસિધ્ધ કરવામાં આવશે. રાજ્યમાં ૭૫ નગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારોના ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તા. ૩-૨-૧૮ જાહેર કરાઈ છે, ઉમેદવારીપત્રો ચકાસણીની તારીખ તા. ૫-૨-૧૮ નિયત કરાઈ છે. ઉમેદવારી પાછી ખેંચવી હોય તો ઉમેદવારી પરત ખેચંવાની છેલ્લી તા. ૬-૨-૧૮ નક્કી કરવામાં આવી છે. તા.૧૭મી ફેબ્રુઆરીએ સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધી ચૂંટણી (મતદાન), જો પુનઃ મતદાન યોજવાની પરિસ્થિતિ સર્જાય તો તેની તા.૧૮-૨-૧૮ અને છેલ્લે તા.૧૯-૨-૧૮ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# દસ્ક્રોઈ નજીક કેનાલમાં ડૂબી જવાથી યુવક-યુવતીના મોત

અમદાવાદ,તા. ૨૮

અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઇ તાલુકાના ઘરોડિયા ગામ પાસે કેનાલમાં યુવક-યુવતીના રહસ્યમય સંજોગોમાં ડૂબી જવાથી મોત નીપજતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. બનાવની જાણ થતાં સ્થાનિક પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વધુ તપાસ હાથ ધરી હતી. જો કે, યુવક-યુવતીના મોતની ઘટનાએ એકબાજુ સમગ્ર પંથકમાં અનેક અટકળો અને તર્ક વિતર્ક સર્જયા છે, તો બીજીબાજુ, સ્થાનિક ગ્રામજનોમાં બનાવને લઈ ભારે શોક અને અરેરાટીની લાગણી પણ ફેલાઈ ગઈ હતી. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈના ઘરોડિયા ગામ નજીકથી પસાર થતી કેનાલમાં એક યુવક-યુવતી રહસ્યમય સંજોગોમાં ડૂબેલી હાલતમાં મળી આવ્યા હતા. સ્થાનિક ગ્રામજનોનું ધ્યાન જતાં ભારે મહેનત બાદ બંને યુવક-યુવતીઓને કેનાલમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા અને તાત્કાલિક તબીબી સારવાર અપાવવાનો પ્રયાસ થયો હતો પરંતુ બંને જણાંને મૃત જાહેર કરાયા હતા. કેનાલમાં ડૂબી જવાના કારણે યુવક-યુવતીઓના કરૂણ મોતના સમાચારને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક ગ્રામજનોએ યુવક-યુવતીઓના મૃતદેહ બહાર કાઢયા હતા.